# ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગર સમક્ષ નીચેની બાબત

૨૦૦૩ નાં વીજળી અધિનિયમનાં સેકશન-૬૨, સબ-સેકશન (1), ક્લોઝ (a); અંતર્ગત: અજંતા એનર્જી પ્રાઈવેટ લીમીટેડ, અજંતા ઓરેવા હાઉસ, ત્રીજો માળ, થલતેજ ક્રોસ રોડ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪; દ્વારા, દોલતપુરા વીયર જીલ્લો-મહીસાગર ખાતેનાં દોલતપુર હાઈડ્રો પાવર પ્રોજેક્ટ (4x3) ૧૨MW માટે; સ્પેસીફીક પ્રોજેક્ટ ભાવ પત્રક મંજૂર કરાવવા માટે, ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગર સમક્ષ રજુ કરાયેલ અરજી નં. ૧૫૬૯/૨૦૧૬.

**અરજદાર**

## સુચના

અજંતા એનર્જી પ્રા.લી. ધ્વારા વીજળી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૬૨ અંતર્ગત ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના કારોબાર સંચાલન વિનિયમો, ૨૦૦૪ (કેસ નં. ૧૫૬૯/૨૦૧૬), દોલતપુરા હાઈડ્રો પાવર પ્રોજેક્ટ નાં (4x3=12MW) પ્રોજેક્ટ સ્પેસીફીક ભાવ નિયત કરવા માટે નામદાર આયોગ સમક્ષ અરજી કરી છે.

ગુજરાત વીજ નિયમન આયોગ, ગાંધીનગરના આદેશ અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે ઉકત અરજી સામે જેને જે કોઈ વાંધો/ સૂચન હોય અને તેઓ તે રજૂ કરવા ઈચ્છતા હોય તો તેઓએ પોતે જેના પર વિશ્વાસ કે આધાર રાખતા હોય તે દસ્તાવેજોની પાંચ નકલ સહીત પોતાના વાંધા/ સૂચન, આ સૂચના પ્રસિદ્ધ કરવામાં આવે તેના ૩૦ દિવસની અંદર સોગંદનામા સાથે સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, છઠ્ઠો માળ, ગીફટ-૧, માર્ગ-૫-ગ, ઝોન-૫, ગીફટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ સમક્ષ રજૂઆત કરવી, અરજીમાં પોતે રૂબરૂમાં પૂછપરછ કરવામાં આવે તેવું ઈચ્છે છે કે કેમ તે સ્પષ્ટપણે જણાવવું. રસ ધરાવતા લોકો માટે અરજીની નકલ અજંતા એનર્જી પ્રા.લી.અમદાવાદ ખાતે જોવા માટે ઉપલબ્ધ છે.વધુમાં રજુ કરાયેલ અરજીનો સારાંશ રસ ધરાવતા લોકોને અરજીની નકલની કચેરીમાંથી રૂા.૪૦/-(રૂ ચાલીસ પૂરા) ની ચુકવણી કર્યેથી મળી શકશે. અરજીના સારાંશની નકલ ટપાલ મારફતે મેળવવા માટે વધુ રૂા.૫૦/-(રૂ પચાસ પૂરા) ની ચુકવણી કરવાની રહેશે. આવા કિસ્સામાં કુલ રકમની ચુકવણી અજંતા એનર્જી પ્રા.લી.અમદાવાદ નામના મની-ઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફટથી કરવી. ઉપર જણાવેલ અરજીની વિજાણુ નકલ કંપનીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. - www.oreva.com

અજંતા એનર્જી પ્રા.લી. (બી.જે.કોસ્ટી), અજંતા એનર્જી પ્રા.લી.
અજંતા ઓરેવા હાઉસ, ત્રીજો માળ, થલતેજ ક્રોસ રોડ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪.